# -: નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૪ હેઠળનું જાહેરનામું :-

નં.ડીએમ/ડીસીએચ/૩૧૩/૨/૨૦૨૦
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,
જામનગર. તા.૩૧/૦૩/૨૦૨૦

**વંચાણે લિધા** :-

(૧) ભારત સરકારશ્રીના ગૃહમંત્રાલયના હુકમ ક્રમાંક:૪૦-૩/૨૦૨૦-ડીએમ-આઈ(એ), તા.૨૪/૦૩/૨૦૨૦.

(૨) ભારત સરકારશ્રીના ગૃહવિભાગના હુકમ ક્રમાંક નં.૪૦-૩/૨૦૨૦-ડીએમ-આઇ(એ) તા.૨૯/૦૩/૨૦૨૦.

(૩) ગુજરાત સરકારશ્રીના ગૃહવિભાગના જાહેરક્રમાંક નં. જીજી/૨૧/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૨૫/૦૩/૨૦૨૦.

-: **જાહેરનામું** :-

સમગ્ર ગુજરાત રાજય તેમજ ભારત નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાયેલ છે કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. જે બાબતે ભારત સરકારીશ્રી તથા ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાવો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શીકા જાહેર કરવામાં આવેલ છે. ભારત સરકારશ્રીના ગૃહમંત્રાલય ના સંદર્ભ-(૧) સમગ્ર દેશમાં તા.૨૫/૦૩/૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવા વિગતવાર માર્ગદર્શીકા જાહેર કરવામાં આવેલ છે. જે અન્વયે ગુજરાત સરકારશ્રીના ગૃહવિભાગના સંદર્ભ (૩) જાહેરનામા માંથી ભારતસરકારશ્રીના ગૃહવિભાગના તા.૨૪/૦૩/૨૦૨૦ના હુકમથી આપવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓનું અમલ કરવાનું જણાવવામાં આવેલ છે.

લોક ડાઉન દરમિયાન જે લોકો પોતાન ધંધો-રોજગારનું સ્થળ છોડી પોતાના વતન તરફ જઈ સોસ્યલ ડિસટન્સની અમલવારી ન કરી લોકડાઉનનો ભંગ કરતા હોઈ વર્તમાન સ્થિતિને ધ્યાને લઈ સંદર્ભ-(૨) ના હુકમથી જરૂરી પગલા લેવા જણાવેલ છે.

જેથી હું, રવિ શંકર, આઈ.એ.એસ., કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૪ અન્વયે મળેલ સતાની રૂઈએ ફરમાવુ છું કે,

1) તમામ રોજગાર પુરો પાડતા ઉદ્યોગો, વ્યાપારી/વાણિજય સંસ્થા-દુકાનો, કોન્ટ્રાકટરોએ તેમના તમામ પ્રકારના કામદારોને લોકડાઉનના સમય દરમિયન તેમજા ઉદ્યોગો, વ્યાપારી/વાણિજય સંસ્થા-દુકાનો બંધ રહયા હોય તે પણ કામના સ્થળે નિયત થયેલ મહેનતાણુ, નિયત થયેલ તારીખેજ કોઈપણ પ્રકાર કપાત વગર પુરેપુરુ ચુકવવાનું રહેશે.
2) કામદારો/શ્રમિકો સ્થાળંતર થતા લોકો સહિત કે જે ભાડાથી રહે છે તેમના રહેણાંક મકાનના માલિકોએ એક મહીના સુધી ભાડુ માંગવાનું રહેશે નહી.
3) જો કોઈ મકાનમાલીક તેમના મકાનમાંથી ભાડે રહેતા શ્રમિકો અને વિદ્યાર્થીઓને તેમની માલિકીની જગ્યા છોડવાનું કહેશે તો ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની જોગવાઈ અનુસાર પગલા લેવામાં આવેશે.
4) કોઈ પણ ઉદ્યોગો, વ્યાપારી/વાણિજય સંસ્થા – દુકાનો, કોન્ટ્રાકટરો તેમના શ્રમિકોને બળજબરીપુર્વક કામના રહેઠાણના સ્થળોને છોડવાનું કહી શકાશે નહી.
5) આ પ્રકારના શ્રમિકોને રહેવા તથા જમવાની વ્યવસ્થા તેઓ જે સ્થળે કામ કરતા હોય તે સ્થળના માલિકે કરવાની રહેશે.

-: **વિસ્તાર** :-

આ જાહેરનામુ સમગ્ર જામનગર જિલ્લાના વિસ્તારમાં લાગુ પડશે.

**-: અમલવારી નો સમય :-**

આ જાહેરનામુ તા.**૩૨/૦૩**/૨૦૨૦ થી તા.૧૪/૦૪/૨૦૨૦ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.



Scanned by CamScanner

**-: અપવાદ :-**

આ હુકમ સરકારી ફરજ ઉપરના અથવા રોજગારીમાં હોય તેમજ ગુજરાત સરકારશ્રી દ્વારા જાહેર કરેલ જીવન જરૂરીયાતની આવશ્યક ચીજ-વસ્તુઓના ધંધા/વ્યવસાયમાં સંકળાયેલા લોકોને તેમજ સક્ષમ અધિકારીશ્રીની મેળવનારને લાગુ પડશે નહી.

**-: શિક્ષા :-**

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ વિરુધ્ધ પગલા લેવા માટે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૫૧ થી ૫૮ તથા ભારતીય દંડ સહિતાની કલમ ૧૮૮ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાના ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે થાણાના હેડ કોન્સટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે. વધુમાં જાહેરનામાના મુદ્દા નં,૧ માટે મદદનીશ શ્રમ આયુકત તેમજ સરકારી શ્રમ અધિકારી પણ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની બજવણી વ્યક્તિગત રીતે કરવી શકય ન હોય એક તરફી હુકમ કરવામાં આવે છે. તેમજ જામનગર જિલ્લામાં લોકોને સહેલાઈથી જાણ થાય તે માટે સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા વર્તમાન પત્ર દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધિ કરવાની કામગીરી પોલીસ અધિક્ષકશ્રી, જામનગરે, જામનગર મહાનગર પાલિકાના વિસ્તારમાં કમિશ્નરશ્રી, જામનગર મહાનગર પાલિકા, જામનગરે તેમજ જિલ્લાના અન્ય વિસ્તારોમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જામનગરે કરવાની રહેશે.

આજ તા. ૩૧ માહે : માર્ચ- ૨૦૨૦ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયુ.

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

(રવિ શંકર)
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

**નકલ સવિનય રવાના :-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર

(૨) સચિવશ્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩) કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, ગુજરાત સરકાર, જુના સચિવાલય, ગાંધીનગર

(૪) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર.

**નકલ રવાના :-**

(૧) ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર.

(૨) જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, (ફસ્ટ કલાસ)કોર્ટ (તમામ)...............

(૩) પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.

...આપની કચેરીના નોટીસ બોર્ડ ઉપર તથા તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરાવી તે અંગેના રોજકામની નકલો આપના દફતરે રાખવા સારૂ.

(૪) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર.

(૫) કમિશ્નરશ્રી, જામનગર મહાનગર પાલિકા, જામનગર

(૬) મુખ્ય આરોગ્ય અધિકારીશ્રી, જામનગર

(૭) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર)/જામનગર(ગ્રામ્ય)/ધ્રોલ/લાલપુર.

(૮) મામલતદારશ્રી, જામનગર(શહેર)/જામનગર(ગ્રામ્ય)/કાલાવડ/ધ્રોલ/જોડીયા/લાલપુર/જામજોધપુર.

(૯) નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

...સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચારરૂપે બહોળી પ્રસિધ્ધી અપાવવા વિનંતી સહ.



Scanned by CamScanner

(૧૦) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.

...ઉકત જાહેરનામાની ર(બે) નકલો આ સહ સામેલ છે, જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી ૫ નકલો અત્રેની ડી.એમ.શાખાને મળે તે રીતે મોકલી આપવા વિનંતી સહ.

(૧૧) શાખાધ્યક્ષાશ્રી, રેકર્ડ શાખા, કચેરીમાં

...ઉકત જાહેરનામાના ગેઝેટની નકલ આપની શાખામાં મળ્યેથી તાત્કાલીક મેજિસ્ટ્રીયલ શાખામાં પહોંચતી કરવા સારૂં.

(૧૨) સિલેકટ ફાઈલે.

Scanned by CamScanner